સુરતની ભયંકર આગનો

ગરબો.

રચનાર તથા છપાવી પ્રગટ કરનાર

નગીનદાસ મંછારામ ઘેલાભાઈ

એડિટર દેશીમિત્ર.

સુરત મધ્યે

“વિક્ટોરિયા” પ્રેસમાં મંછારામ ઘેલાભાઈએ

છાપ્યો.

સને ૧૮૮૯. સંવત ૧૯૪૫.

કીમત એક આનો.

૩૯૦૦

સુરતના ભયંકર આગનો ગરબો.

ગરબી ૧ લી.

અગ્નિ દેવે કરેલો મહા કોપ !

મહા કોપ થયો તે કળી કાળમાં જો—એ રાગ.

થયો અજબ ગજબ સુરત શેહેરમાં જો !,
ડુબ્યું સુરત આગના કેરમાં જો !—ટેક.
કીધો અગ્નિએ કોપજ શૂરમાં જો !,
અકરાકેર વર્ત્તાવ્યો પૂરમાં જો !. થયો. ૧.
સને અરાડ નેવ્યાશી જાણજો જો !,
તારીખ છઠી એપ્રિલની માનજો જો. થયો ૨.
ભુંડો દહાડો શનીવાર ભાળિઓ જો !,
અગ્નિ દેવે કચડઘાણ વાળિઓ જો. થયો. ૩.
લાગી આગો અતિશય જોરમાં જો !,
આગ માતા ઘુમ્યા બહુ દોરમાં જો !. થયો. ૪.
નહીં કોઇથી થોભેલા થોભિયા જો !,

વળી કોઈથી જરા નવ ચોંકિયા જો !. થયો. ૫.
ચોગરદમથી ફેલાવ કીધો ઝટમાં જો !,
ઘણાં ઘરો ખાધાં સટાસટમાં જો ! થયો. ૬.
આથી લોકો ગભરાયાં ગામનાં જો !,
નાંખ્યા નિસાસા આગના નામના જો ! થયો. ૭.
સઊ વદે થયું શું આ થયું જો !,
આ તો શેહેરનું નસંતાનજ ગયું જો !. થયો. ૮.
એવી રીતે કકળાટ સહુ જન કરે જો !,
તોએ અગ્નિ માતા નહીં દુઃખ હરે જો! થયો. ૯.
હવે સુણો વર્ણન એ આગનું જો,
વદું સંક્ષેપે સર્વે ભાગનું જો. થયો. ૧૦.

ગરબી. ૨ જી.

આગ માતાનું સંક્ષેપે વર્ણન.

રાગ બાળના ગરબાનો.

આગ માતાનું તો બ્યાન, સુણો સંક્ષેપે આખ્યાન,
વળી વાંચો રાખી ધ્યાન, સહુ લોકોરે. ૧.
કળાપીઠમાં પ્રથમ લાગી, તોપણ ત્યાંથી વેહેલી ભાગી,
પછી જબરી હોળી જાગી !, મ્હોટી ભાગોળે. ૨.
વખત હતો પાછલો પોહોર, વીતી ગયાતા બપોર,
માર્યું તેવારે બહુ જોર ! , આગ માતાએ. ૩.

કાટપીટિયાવાડ કેહેવાય, ત્યાંથી લાગી જબરી લાહ્ય !,
સરવે કરે હાય હાય !, કાટપીટિયાઓ. ૪.
કોઇ કહે સળગ્યું ઘાંસ !, તેથી વળિયું સત્યાનાશ !,
નથી હોલવવા આશ, આગ માતાને. ૫.
વળી કેટલા કહે એમ, છોડાં સળગી ઉઠયાં જેમ,
ભડકો થયો ભારી તેમ, એવી વાત વદે. ૬.
એવી રીતે વિવિધ વાત, લોકો કેહેતા ખરેખાત,
લોક વાણી ભાત ભાત, નહીં નક્કી કંઇ. ૭.
હવે આગ કયાં ફેલાઈ, તેની ગાઊં છું વધાઈ !,
સુણજો સરવે ભાઈ બાઇ, એક ચિત્તેરે. ૮.

સાખી ૧ લી.

એક ચિત્તે સુણજો, વહાલાં લોકો સાથ;
ક્યાં ક્યાં આગ ફરી વળી, તેહ વદું છું ગાથ—ટેક.
ગાથ વદુંરે ગાથ વદું, અનીહારે ગાથ વદું,
ગાથ વદું છું હું હાલ, તેથી થશે સઊને ખ્યાલ,
આગ વધી ગઈ તતકાળ !, જોતજોતામાં !. ૧.
બુરાનપુરી જે ભાગોળ, પસ્તાકિયા બજારની ઓળ,
સુખડિયા બજારની પોળ, સઊ બળીરે ગઈ !. ૨.
કંસારા બજાર કેહેવાય, કાપડ બજાર છે જ્યાંય,
આગ લાગી ઝાઝી ત્યાંય, બાળી દુકાનો. ૩.
ગોળ વાળાની દુકાન, કાટપીટિયાઓની પણ જાણ,

રૂવાળાનો ટેકરો માન, તે તો બળીરે ગયો !. ૪.
ખંગડીવાડ કાંસકીવાડ, ડબગરવાડપર પણ ધાડ !,
કીધી આગે મારફાડ !, હરીપૂરામાં. ૫.
ઘાંચીશેરી માળીફળિયું, અગ્નિદેવે તેને ગળિયું !,
બીજું ખાધું જે જે મળિયું !, આગ માતાએ. ૬.
નવાપૂરાનો તો ભાગ, અડધો ખાધો લાવી લાગ !,
નવ લાગ્યો કોઇનો થાગ !, અગ્નિ આગે. ૭.
એવી રીતે સળગ્યા લત્તા, એમાં હોશે ઓછા વત્તા,
આગે કીધા ઊધાચત્તા !, બહુ કોપ કીધો !. ૮.

સાખી ૨ ૭.

કોપ કીધો બહુ અગ્નિએ !, વાળી બહુ મોહોકાણ !;
અનેક જીલ્લા બાળિયા, વાગ્યો કચ્ચડઘાણ !—ટેક.

કચ્ચડઘાણરે કચ્ચડઘાણ, અનીહારે કચ્ચડઘાણ,
કચ્ચડઘાણ આગે વાગ્યો !, ખરેખરો ભાગજ બાગ્યો !,
તે તો સુરતીઓને સાલ્યો !, ખરે અતિરે ઘણો. ૧.
ક્યાંથી ક્યાંથી અટકી આગ, ક્યાંથી અટકી નાહાશભાગ,
કયા લત્તા કીધા ત્યાગ, તે તો શ્રવણ કરો. ૨.
પશ્ચિમ તરફ લીમડાચોક, ત્યાંથી આગે કહ્યું રોક !,
નહીં લીધી વળી નોક !, ત્યાં આગળથી. ૩.
તેની સામેની જે હાર, મકાન મુક્તિફોજનું ધાર,
ત્યાંથી અટકી તે નીરધાર, અને શાંત પડી. ૪.

હવે ઊત્તર દીશની વાત, રાણીતળાવ જે વિખ્યાત,
ત્યાંથી પડી તે પછાત, અને નરમ થઈ. ૫.
કાંસકીવાડમાંથી અટકી, હરીપુરાથી નહીં સટકી,
ત્યાંથી લાગી તેને ચટકી, તેથી હોલવાઈ ગઇ. ૬.
પૂર્વ દિશાનું જે બ્યાન, વાંચો હવે ધરી ધ્યાન,
કીધી આગે તાણાતાણ !, અતિ શૂરમાંરે. ૭.
હરીપુરાની ધોબીશેરી, પીરની છડી જાણે લેહેરી !,
મ્હોટી પારેખ ડિસ્પેનસરી, ત્યાંથી અટકીરે. ૮.

સાખી ૭.

અટકી ત્યાંથી તે ખરી, વળી બીજાં સુણજો સ્થાન;
દાદા સાહેબનાં દેહેરાનો, પાછલો ભાગજ જાણ—ટેક.
પાછલો ભાગરે પાછલો ભાગ, અનીહારે પાછલો ભાગ,
પાછલો ભાગ દેહેરા તણો, જે છે પ્રખ્યાતજ ઘણો,
ત્યાંથી અટકી આગ ભણો, પૂર્વ દિશામાં. ૧.
હવે કહુ છું દક્ષણ દીશ, ત્યાં પણ આગે કાહાડી રીશ !,
બહુ પડાવી છે ચીશ, ત્યાંનાં લોકોને. ૨.
બુડેલવાડો જે કેહેવાય, તેનું નાકું એક ગણાય,
ત્યાંથી અટકી પડી લાય, કરી મેહેર ઘણી !. ૩.
હીંગળોક વાળાની જે પોળ, ત્યાં પણ કરી ધોળાધોળ,
કરી પ્રથમ ચોળાચોળ !, પણ અટકી ગઇ. ૪.
એવી રીતે દિશા ચાર, મેં તો ગણાવી છે યાર,

કહ્યો ટૂંકમાં સઉ સાર, નથી લંબાવ્યું. ૫.
નુંકશાન જે જે લોકે સહ્યું, તે તો કેહેવાનું રહી ગયું !,
નથી નાહાનુંસુનું થયું, તે નુંકશાનરે. ૬.
ઘરો બળ્યાં હજાર ત્રણ !, એટલો આશરો તું ગણ,
નથી એથી ઓછું પણ, એમ કેહેવાય છે. ૭.
મ્હોટાં મ્હોટાં ઘણાં ઘરો, તેનો થઈ ગયો છે મરો !,
ઈશ્વર સુરતીનાં દુઃખ હરો, થાઓ સાહ્ય તમે. ૮.

સાખી ૪ થી.

સાહ્ય થજો ઈશ્વર તમે, હરજો સરવે દુઃખ;
અરજ એટલી સુણજો, માંગી લઈએ મૂખ—ટેક.
મૂખે માંગિએરે મૂખે માંગિએ, અનીહારે મૂખે માંગિએ,
મૂખે માંગિએ ઈશ્વર, દયા કરજો દુઃખીપર,
થયાં ખુવાર જરેજર, સેંકડો જંનો. ૧.
નુંકશાન થયું ઘણું ભારી !, ઘણી થઈ ગઈ ખુવારી !,
નથી ઉગરવા વારી, તમ દયારે વિના. ૨.
પોણો ક્રોડ રૂપિયા કેરૂં !, નુંકશાન થઈ ગયું ઘણેરૂં !,
જાણે તુટયો પર્વત મેરૂ !, એવો બનાવ બન્યો !. ૩.
રંક સંગે પૈસાદાર, થયા ઘણારે ખુવાર !,
ખોઈ બેઠાં ઘરબાર !, કેવો ગજબ થયો !. ૪.
સુરત શેહેરનું જે નાક, તે તો રહ્યું ભાગ્યે કાંક !,
બળ્યું તે બિચારૂં રાંક !, થયું નકટું શેહેર !. ૫.

દુઃખ આના જેવું કયું ? !, કંઇનું કંઇજ થઈ ગયું !,
નહીં જરા બાકી રહ્યું !, દુઃખ પડવામાં !. ૬.
કાટપિટિયાનો થયો મરો !, ગોદો વાગ્યો ખરેખરો !,
જાણે માર્યો તેમને છરો !, અગ્નિ દેવે. ૭.
એજ મુજબ બીજાં લોક, નુંકશાન વિના નથી ફોક !,
પ્રભુ તેઓનું દુઃખ રોક, કર કૃપારે ધણી. ૮.

ગરબી ૩ જી.

ઠેકાણે ઠેકાણે આગ માતાએ મચાવેલાં રમખાણો !

ઓધવજી સંદેશો કેહેજો કાહાનને—એ રાગ.

અગ્નિ દેવે કેર કીધા બીજા ઘણા !,
બીજે દિન પણ લાગી જબરી આગ જો !;
સલાતપુરામાં સળગ્યું ઝાઝા જોરમાં !,
ત્યાં પણ બાળી નાંખ્યો કેટલોક ભાગ જો !. અગ્નિ. ૧.
એજ દિને નવાપૂરામાં સળગિયું !,
બીજા જીલ્લાઓમાં પણ નહીં શાંત જો !;
ઠેકાણે ઠેકાણે લાગે આગરે !,
આગ વિના નહીં થાએ બીજી બ્રાંત જો ! અગ્નિ. ૨.
એક બુઝે નહીં તેટલે બીજું સળગે !,
એવી રીતે શળગ્યું રવિવાર જો !;

એ દિન લાગી એકંદર દશ આગરે !,
તેથી વર્ત્યો પૂરમાં હાહાકાર જો !. અગ્નિ. ૩.
શોમ મંગળ, બુધ્ધ સંગે ગુરૂવારરે,
શુક્રવાર પણ બાકી નથી ભાઈ જો !;
એ દિનોમાં લાગી ઝાઝી આગરે !,
કોપ કીધામાં કશર ન રાખી કાંઈ જો !. અગ્નિ. ૪.
પંદર–વીશ દિન એમ આગો જારી રહી !,
આગ વિના નહીં બૂમો બીજી હોય જો !;
જ્યાં જોઇએ ત્યાં આગ અને ભાઈ આગરે !,
બાકી ભાગ નહીં પૂરનો તો કોઇ જો !. અગ્નિ. ૫.
વિગત ઘણી છે દરેક દિનની આગની !,
પણ સંક્ષેપે દર્શાવ્યું આ વાર જો !;
દરેક આગ તણી તો સઘળી બાતમી,
લખતાં નાવે અત્રે તેનો પારજો !. અગ્નિ. ૬.

ગરબી ૪ થી.

આગને લીધે લોકોનો ગભરાટ !

ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ.

થયો થયો ખરે ગભરાટ, જનોમાં ભારીરે ! ;
સૌ ધુજવા લાગ્યાં લોક, હિમ્મત હારીરે ! ૧.

ઘરબાર તજી બહુ જન, ગયાં શેહેર છોડીરે !,
આખાં પૂરમાં સરવે ઠામ, થઇ દોડાદોડીરે !. ૨.
પેટી પેટારા ને સામાન, કાહાડયા બાહારરે !;
વ્યાપિ રહ્યો અતિશય ભય, અને હાહાકારરે !. ૩.
ખેતી વાડી અને બીજે સ્થાન, જડયાં જ્યાં ઠામરે !;
તે મધ્યે ગયાં દોડી જન !, કીધા મુકામરે !. ૪.
તડકો તાપ અને મહા દુઃખ !, સેવવા લાગ્યારે !;
સહુ સુરતી જનના પગ, ખરેખર ભાંગ્યાંરે !. ૫.
માતા દેવીની માનતા પૂર, ચાલવા માંડીરે !;
વળી કેટલાક લોક ભાઈ, માતાને ભાંડીરે !. ૬.
હોમ હવન આંગણાં માંહી, થયા જારીરે !;
બ્રહ્મ ભોજનની પણ સાથ, થઇ તૈયારીરે !. ૭.
એવી રીતે ઉથલપાથલ, થઈ રહી પૂરમાંરે !;
ખપવા લાગ્યા અગ્નિ માત, બરોબર ક્રૂરમાંરે !. ૮.

ગરબી ૫ મી.

શેહેરમાં પાણી ને બંબાની અત્યંત તંગિ !

રિશાવ્યા રશીક સંગાથે રાધા—એ રાગ.

પાણી વણ આગ વધી ગઈ ભારી !,
પાણી વણ ખૂબ થઈ ખુવારી !—ટેક.

પાણી પાણી પાણી વદે સર્વ મૂખ !,
પાણી વણ વૃદ્ધિ પામ્યું અગ્નિ દુઃખ !,
થશે ક્યારે પાણી તણું રે સૂખ? ! . પાણી વણ. ૧.

લાગી જ્યારે મૂળ થકી તો આગ,
પાણી કેરો લાગ્યો નહીં કંઇ થાગ !,
તેથી કરી અગ્નિએ ભાગાભાગ !. પાણી વણ. ૨.

બંબા પણ પૂરતા નથીરે પૂરના !,
થોડાએક છે તે પણ વિના શૂરના !,
બંબા આવ્યા વડોદરેથી દૂરના !. પાણી વણ. ૩.

વડોદરાના બંબાએ બહુ જોર માર્યું,
તેઓએ પૂરને કંઈક ઊગાર્યું,
તોએ આગે પુષ્કળ શ્રાધ્ધજ સાર્યું !. પાણી વણ. ૪.

સત્તાવાળા બંબા રૂડારે વસાવો,
વળી પાણી પૂરમાં તાકીદે લાવો,
વિના તેહ થયો ઘણો પરતાવો !. પાણી વણ. ૫.

માટે કરો પેહેલું તમે એ કામ,
બીજાનું દેશો નહીં કંઇ નામ,
વિના પાણી થાશે ન જન ઠરીઠામ !. પાણી વણ. ૬.

ગરબી ૬ ઠી.

આગમાં બળેલી જગા જોવાને નામદાર મુંબઇના ગવરનર સાહેબનું સુરતમાં પધારવું.

નર ચતુર સુજાન, પરનારિશું પ્રીત કબુ નવ કીજીએ—એ રાગ.
ભલો મુંબઈનો, ગવરનર દોડી આવ્યોરે શેહેરમાં;
તેણે દીઠું રે, સુરત શેહેરને ડુબતું અગ્નિ કેરમાં!—ટેક.
તારીખ સાતમી એપ્રિલ સોમવાર, મેલટ્રેન મધે થઇને તે સ્વાર,
આવ્યો સુરત ઉપર લાવી પ્યાર. ભલો. ૧.
શેહેરમાં ફરિયો મંગળવારે, લીધા કમિશ્નર તેણે હારે,
ફર્યો પૂરમાં તે શ્રમ લઇ ભારે!. ભલો. ૨.
તેણે બળેલાં સ્થાનો જોયાં, જે લોકોએ ઘરબાર ખોયાં!,
તે સઉ તેની આગે રોયાં!. ભલો. ૩.
તે સઉને ધીરજ તો આપી, બહુ દલગીરી તેમને વ્યાપિ,
કહ્યું ઇશ્વર દુઃખ નાંખશે કાપી. ભલો. ૪.
બહુ દયા છુટી તે નામદારને!, થયો ઉદાસ શેહેર જોતાં વારને!,
વળી જોઈ જનના હાહાકારને!. ભલો. ૫.
સઉ સ્થળ જોઈને પાછો ફરિઓ, રેલ્વે સ્ટેશને જઈ ઠરિઓ,
ત્યાં તે નામદાર શું આચરિઓ?. ભલો. ૬.
કહ્યું તે નામદારે ત્યાં એવું, નથી દુઃખ તમને પાણી જેવું!,
એ સમ દુઃખ બીજું હોય કેવું?!. ભલો. ૭.
લોકોએ તે વાતની હા કહી, સૌએ તે વાત લક્ષે પણ લહી,

એ વણ બીજી વાતો પણ થઈ. ભલો. ૮.
પછી તે નામદાર મુંબાઈ ગયો, સુરતમાં થોડી વાર રહ્યો,
એ પધરામણીનો સાર કહ્યો. ભલો. ૯.

ગરબી ૭ મી.

આગમાં પાયમાલ થયલાંઓને માટે ઠેકાણે ઠેકાણે થતાં ફંડો.

મારારે સ્વામિ બોલોની વહાલા—એ રાગ.

મદદ માટે ફંડો બહુ બહુ ઠામ,
ભરાયા છે રૂપિયા ગામેગામ. ટેક.
મુંબઈ પૂના મીરજ અમદાવાદ,
કલકત્તા કેહેવાય છે આબાદ,
ભરૂચ ભાવનગર છે વિખ્યાત. મદદ. ૧.
રાજકોટ ગોધરા ને ધુળિયા,
જનોએ ત્યાં નાણાં ભરિયાં,
બીજે સ્થળે ફંડ ભેગાં કરિયાં. મદદ. ૨.
વડોદરા જુનાગઢની સંગ,
રાખ્યો જામનગ્રે ખરેખરો રંગ,
બીજાઓએ વાળ્યો જરનો જંગ. મદદ. ૩.
પાલિતાણા ખજાણા સારા,
લાગે તે સઉને ઘણા વહાલા,

બીજાઓની કહીએ બોલબાલા. મદદ. ૪.

એ આદિક સ્થળના રાજા જે,
થયા ઘણા ઘણા ઉદારજ તે,
હજારો રૂપજી દાજી દે. મદદ. ૫.

મુંબઈના શેઠ ઘણા મ્હોટા,
ઉદારતાના લેશ નહીં ટોટા,
સુરતના જોવાના ખોટા !. મદદ. ૬.

મદદ મળી મુંબઈનો મ્હોટી,
ઘણાઓને તેથી મળી રોટી,
પ્રસંશા તેમની નથી ખોટી. મદદ. ૭.

દયાળુ ને દ્હાલા તે સારા,
સુરતી કરતાં તેઓ બહુ ન્યારા,
લાગે તેઓ ધર્મ થકી પ્યારા. મદદ. ૮.

સુરતીઓએ કંઈએ નહીં કીધું !,
ફંડમાં થોડું થોડું દીધું !,
થયું એ તો કામ નહીં સીધું !. મદદ. ૯.

ધરમમાં ખરચે નહીં સુરતી !,
મદદ કરે તેઓ નહીં પૂરતી,
ખોટી તેઓ સોનાની મૂરતી !. મદદ ૧૦.

ઈશ્વર કરી ફંડ થાએ ઝાઝાં,
સુરતી પામે તે દ્વારે ખાજાં,

પ્રભુ કરી પાછા થાય તાજા. મદદ. ૧૧.
સુરત થયું સાંપ્રત ઝાંખુંઝપ !,
નાણુંનો જાગ્યો અતિશય ખપ !,
મદદ કરો દયાળુ ઝપાઝપ !. મદદ. ૧૨.
જરૂર છે મદદ તણીરે હાલ !,
પ્રભુએ આપ્યો બુરોરે કાળ !,
કૃપાળુ સાહ્ય કરો તતકાળ. મદદ. ૧૩.
ખરેખરો આપ કરો પરમાર્થ,
નકી એ આવશે સઉની સાથ,
જૂઠી નથી વહાલા મારી ગાથ. મદદ. ૧૪.
હવે કરૂં ગરબો પૂરો આય,
સુણી વાંચી સંતાપ ઉત્પન્ન થાય !
રૂદન થકી મનડાં ઘણાં ઊભરાય ! મદદ. ૧૫.

સમાપ્ત.